ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ.૦૧ તા.૦૧.૦૧.૨૦૧૮

------------------

**ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે બેઠકોનો દોર**

------------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં અને રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી.સતીષજીની પ્રેરક ઉપસ્થિતિમાં સંગઠનાત્મક બેઠક યોજાઇ**

------------------

**સંગઠનાત્મક કાર્યો અને લોકસેવા માટે "ચરૈવેતી-ચરૈવેતી"ના વિચારમંત્ર સાથે ભાજપાના આગામી કાર્યક્રમોના સંદર્ભમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી**

------------------

**આગામી કાર્યક્રમો અને ચૂંટણીલક્ષી પૂર્વ તૈયારીને આખરીઓપ આપવા માટે તારીખ ૦૪ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે બે પ્રકારની બેઠક યોજાશે**

------------------

ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતુ કે, પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં અને રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજીની પ્રેરક ઉપસ્થિતિમાં સંગઠનાત્મક બેઠક યોજાઇ હતી.

આજની આ બેઠકમાં સંગઠનાત્મક કાર્યો અને લોકસેવા માટે "ચરૈવેતી-ચરૈવેતી"ના વિચારમંત્ર સાથે ભાજપાના આગામી કાર્યક્રમોના સંદર્ભમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત સરકાર દ્વારા લાગુ કરાયેલ ફી નિયમનના કાયદા અંગેના હાઇકોર્ટના ઐતિહાસિક જનહિત ચૂકાદામાં વાલીઓ તેમજ વિદ્યાર્થીઓના હિતના રક્ષણ માટે કટિબધ્ધ છે તેવું લાગણીનું પ્રતિબિંબ ભાજપા સરકારે પાડ્યું છે તેને સહર્ષ આવકારીને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની આગેવાનીવાળી ભાજપાની રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતુ કે, આ ઉપરાંત આગામી સમયમાં યોજાનાર ૭૫ જેટલી નગરપાલિકા, ૧૭ તાલુકા પંચાયત અને ૦૨ જીલ્લા પંચાયતની ચૂંટણીઓ માટેની પૂર્વ તૈયારી અંગે ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી તેમજ **આગામી કાર્યક્રમો અને ચૂંટણીલક્ષી પૂર્વ તૈયારીને આખરીઓપ આપવા માટે તારીખ ૦૪ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે બે પ્રકારની બેઠક રાખવામાં આવી છે.** સવારે ૧૦.૩૦ કલાકે પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ, મોરચાના પ્રદેશ પ્રમુખશ્રીઓની એક અગત્યની બેઠક મળશે અને તે પછી બપોરે ૨.૦૦ કલાકે તમામ જીલ્લા/મહાનગરના પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, નગરપાલિકાની ચૂંટણીના જવાબદાર ઈન્ચાર્જશ્રીઓ આ બેઠકમાં ઉપસ્થિત રહેશે.

આજની આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા, સ્ટેટ કો.ઓર્ડિનેટર અને રાજ્યના કેબીનેટમંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ, પ્રદેશ મહામંત્રીશ્રીઓ સર્વશ્રી મનસુખભાઇ માંડવીયા, શ્રી ભરતસિંહ પરમાર, શ્રી કે.સી.પટેલ, શ્રી શબ્દશરણભાઇ બ્રહ્મભટ્ટ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રીઓ શ્રી આઇ.કે.જાડેજા, શ્રી ગોરધનભાઇ ઝડફીયા, શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ, પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યા સહિત પ્રદેશ સંગઠનના આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા સેલ